This Question Paper contains 8 printed pages.
(Sections - A, B, C & D)

Sl.No. 753483

# 10 (G)

(FEBRUARY-MARCH, 2025)

---

*Time : 3 Hours]* *[Maximum Marks : 80*

**સૂચનાઓ :**

1) સ્પષ્ટ વંચાય તેવું હસ્તલેખન જાળવવું.
2) આ પ્રશ્નપત્રમાં ચાર વિભાગ A, B, C અને D છે. તથા 1 થી 54 પ્રશ્નો છે.
3) બધા જ પ્રશ્નો ફરજિયાત છે. આંતરિક વિકલ્પો આપેલા છે.
4) પ્રશ્નની જમણી બાજુમાં અંક તેના ગુણ દર્શાવે છે.
5) સૂચના પ્રમાણે આકૃતિઓ સ્વચ્છ, સ્પષ્ટ અને પ્રમાણસર દોરવી.
6) નવો વિભાગ નવા પાના પર લખવો. પ્રશ્નોના જવાબ ક્રમમાં લખવા.
7) આકૃતિવાળા/ચાર્ટ પ્રશ્નોમાં દષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે અલગ પ્રશ્નો આપેલા છે. જેનું ખાસ ધ્યાન રાખવું આ પ્રશ્નો માત્ર દષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે જ છે.
8) પ્રશ્ન નં - 54 નકશાપૂર્તિ ફરજિયાત છે. તેમાં ફક્ત અંધ વિદ્યાર્થીઓ માટે અલગ પ્રશ્નો છે.

---

## વિભાગ – A

**નીચે આપેલા 1 થી 24 પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ લખો. (દરેકનો 1 ગુણ) [24]**

■ **યોગ્ય જોડકાં જોડો.** **[5]**

| (A) | (B) |
|---|---|
| 1) કીર્તિ તોરણ | (A) બ્રાહ્મી લિપિ |
| 2) જરીકામ | (B) ધારાપુરી |
| 3) સ્તંભલેખો | (C) કોલકાતા |
| 4) એલિફન્ટા | (D) સુરત |
| 5) ભારતીય સંગ્રહાલય | (E) પાટણ |
| | (F) વડનગર |

■ **નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.** **[5]**

6) અનામત જંગલમાં લાકડાં વીણવાં તથા પશુચરાણ માટે સ્થાનિક લોકોને પ્રવેશવાની છૂટ હોય છે.

7) દેશની કુલ રાષ્ટ્રીય આવકને દેશની કુલ વસ્તી વડે ભાગવાથી 'માથાદીઠ આવક' પ્રાપ્ત થાય છે.

8) ગુજરાત સરકાર દ્વારા કિશોરીઓને પોષણયુક્ત આહાર તેમજ કૌશલ્યના વિકાશ માટે 'સબળા યોજના' અમલી બનાવી છે.

9) ગ્રામપંચાયત અને નગરપાલિકામાં પણ અનુસૂચિતજાતિ અને અનુસૂચિત જનજાતિ માટે કેટલીક બેઠકો અનામત રાખવામાં આવે છે.

10) 2011 ના એક અંદાજ મુજબ ભારતમાં સૌથી વધુ વૃધ્ધોની વસ્તી અરુણાચલ પ્રદેશમાં છે.

■ **નીચે આપેલી ખાલી જગ્યામાં યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પુરો.** **[5]**

11) કૃષ્ણરાજ સાગર બહુહેતુક યોજના ................ નદી પર આવેલી છે.

(કાવેરી, કૃષ્ણા, ગોદાવરી)

12) ગરીબીરેખાનો ખ્યાલ સૌપ્રથમ WHO ના નિયામક ............... એ રજૂ કર્યો હતો.

(એડમસ્મિથ, બ્યોર્ડઓરે, અમર્ત્યસેન)

13) અમેરિકન પ્રમુખ ............. એ અમેરિકાની સંસદમાં તા. 15 - માર્ચ – 1962 ના રોજ ગ્રાહકોને ચાર અધિકારો આપ્યા હતા.

(રાલ્ફનાડર, જર્હાન ફેકલીનકેનેડી, રોનાલ્ડરેગન)

14) હળવી, મધ્યમગતિનાં તથા ભારે વાહનોને સામાન્ય રીતે ................ બાજુની લેનમાં જ વાહન ચલાવવું જોઈએ.

(સૌથી ડાબી, સૌથી જમણી, મધ્યની)

15) ઊર્જાનો મુખ્ય સ્ત્રોત ................. છે.

(પૃથ્વી, સૂર્ય, મંગળ)

■ **નીચેના પ્રશ્નોના આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ લખો.** [5]

16) નીચેનામાંથી કયું જૈવ આરક્ષિતક્ષેત્ર છે.

(A) પેરિયાર (B) દચિગામ

(C) કોર્બેટ (D) પચમઢી

17) નીચેનામાંથી ક્યો રેશમનો પ્રકાર નથી.

(A) ઈરી (B) ટસર

(C) શેતુર (D) ઝીંગા

18) ગુજરાતનું સૌથી મોટું રેલવે સ્ટેશન કયું છે?

(A) અમદાવાદ (B) વડોદરા

(C) સુરત (D) ભૂજ

19) ગુજરાત સરકારે ગ્રાહક સુરક્ષાના નિયમો – 1988 ક્યારે અમલમાં મૂક્યા?

(A) 21, મે - 1988
(B) 18, ફેબ્રુઆરી - 1988
(C) 15, માર્ચ - 1988
(D) 26, જાન્યુઆરી - 1988

20) દ્વિચક્રી વાહન ચલાવતાં પહેરાતા હેલ્મેટનું મુખ્ય કાર્ય નીચેનામાંથી ક્યું છે?

(A) માથા પર આવેલ અથડામણના આઘાતની અસર ઓછી કરવી.

(B) ગરમીથી માથાને બચાવવું.

(C) આંખમાં આવતા પવન સપાટા રોકવાનું.

(D) ધ્વનિ - પ્રદૂષણથી કાનને બચાવવા.

■ **નીચેના પ્રશ્નોના એક-બે શબ્દોમાં જવાબ લખો.** [4]

21) આંતરરાષ્ટ્રીય ખાદ્યપદાર્થોને પ્રમાણિત કરવાનું કાર્ય કરનાર આંતરરાષ્ટ્રીય કમિશનનું નામ જણાવો?

22) છોડનાં લીલાં પાંદડાં કઈ ક્રિયાના માધ્યમથી હવામાંથી કાર્બન લે છે.

23) સરકાર ઔદ્યોગિક નીતિ દ્વારા ખાનગી ક્ષેત્ર પરનાં અંકુશો અને નિયંત્રણો ક્રમશઃ ઘટાડો કરી વિકાસને પ્રોત્સાહિત કરતી નીતિનું નામ શું છે.

24) ગુજરાતની નર્મદા, તાપી, મહી અને સાબરમતી સહિતની નદીઓમાં જોવા મળતું ક્યું પ્રાણી તે ક્ષેત્રોમાં લગભગ લુપ્ત થવાને આરે છે?

## વિભાગ - B

■ **નીચે આપેલા 25 થી 37 પ્રશ્નોના તેર (13) પ્રશ્નોમાંથી કોઈ પણ નવ (9) પ્રશ્નોના આશરે 15 થી 35 શબ્દોમાં જવાબ લખો. (દરેકના 2 ગુણ)** **[18]**

25) ભારતનો સાંસ્કૃતિક વારસો વિવિધતાપૂર્ણ, ભાતીગળ અને સમૃદ્ધ બન્યો છે. આ વિધાન સમજાવો.

26) 'મોંગોલોઈડ' પ્રજાવિશે માહિતી આપો.

27) મને ઓળખો... અને લખો.

1) વૈષ્ણવ સંપ્રદાયની શૃંગારભક્તિ સાથે ઉત્તર ભારતમાં વિકાસ પામેલ નૃત્ય.......

2) હું સંગીતને લગતો વેદ ગણાઉં છું.

28) પર્યટન ઉદ્યોગના વિકાસથી સ્થાનિક રોજગારી સાથે સાથે આર્થિક સમૃદ્ધિ પણ આવે છે. – આ વિધાન સમજાવો.

29) પાણીની અછત માટે જવાબદાર કારણો જણાવો?

30) પારિભાષિક શબ્દોના અર્થ આપો.

1) ભૂ-તાપીય ઉર્જા

2) ખનિજ

31) તાંબાની ઉપયોગિતા જણાવો.

32) આજે કાપડઉદ્યોગ કઈ-કઈ સમસ્યાઓનો સામનો કરી રહ્યો છે?

33) શણઉદ્યોગ પશ્ચિમબંગાળમાં વધુ વિકસ્યો છે. શાથી?

34) રેલવે માર્ગોની ઉપયોગિતા ટૂંકમાં જણાવો.

35) ભારતમાં આર્થિકવિકાસ થઈ રહ્યો છે. – એમ શાથી કહી શકાય.

36) પર્યાવરણની સુરક્ષા માટે કયાં પગલાં લેવાનું નક્કી કરવામાં આવ્યું છે?

37) 'ભવાઈ કલા' વિશે ટૂંકમાં માહિતી આપો.

## વિભાગ – C

■ **નીચે આપેલા 38 થી 46 પ્રશ્નોના નવ (9) પ્રશ્નોમાંથી કોઈ પણ છ (6) પ્રશ્નોનાં આશરે 60 થી 80 શબ્દોમાં મુદ્દાસર જવાબ લખો. (દરેકના 3 ગુણ)** **[18]**

38) મોહેં-જો-દડો ના પ્રાચીન નગરોનું આયોજન આજના આધુનિક નગર આયોજન માટે પણ પ્રેરણારૂપ છે. – સમજાવો.

39) મોઢેરાના સૂર્યમંદિર વિશે ટૂંકનોંધ લખો.

40) ભૂમિ સંરક્ષણના ઉપાયો જણાવો.

41) સંસાધનના આયોજન અને સંરક્ષણ માટેની જરૂરી બાબતો વિગતવાર સમજાવો.


42) બેરોજગારીની અસરો જણાવો.

43) ગ્રાહક શોષણનાં કારણો સમજાવો.

44) ભારતમાં સ્ત્રી-પુરુષ અસમાનતા માટેનાં કારણો જણાવો.

45) કાયદાની સામાન્ય જાણકારી, જ્ઞાન અને સમજણ સાથી અત્યંત જરૂરી છે?

46) નીચેનું ચિત્ર જોઈને સવાલોના જવાબ આપો.



(1) આ સ્થાપત્યનું નામ આપો?

(2) આ સ્થાપત્ય ક્યા શહેરમાં આવેલું છે?

(3) આ સ્થાપત્યનું નિર્માણ કોણે શરૂ કરાવ્યું હતું?

**(ફક્ત દષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે)**

46) (1) હુમાયુનો મકબરો કયા શહેરમાં આવેલો છે.

(2) હુમાયુના મકબરાનું નિર્માણ કોણે કરાવ્યું હતું.

(3) હુમાયુના મકબરાનું નિર્માણ કઈ શૈલીમાં કરાયું છે?

## વિભાગ – D

■ **નીચે આપેલા 47 થી 53 પ્રશ્નોના સાત (7) પ્રશ્નોમાંથી કોઈ પણ ચાર (4) પ્રશ્નોના આશરે 120 થી 150 શબ્દોમાં જવાબ લખો. અને પ્રશ્ન નંબર - 54 નક્શો ફરજિયાત છે. (દરેકના 4 ગુણ) [20]**

47) વલભીવિદ્યાપીઠ વિશે સવિસ્તર નોંધ લખો.

48) પ્રાચીન ભારતની ગણિતશાસ્ત્ર ક્ષેત્રની સિધ્ધિઓ વર્ણવો.

49) ખગોળ અને જ્યોતિષશાસ્ત્રમાં ભારતનું પ્રદાન વિશે સવિસ્તર નોંધ લખો.

50) ભારતમાં કૃષિક્ષેત્રે આવેલા સંસ્થાકીય-સુધારાઓ જણાવો.

51) ભારતમાં હરિયાળી ક્રાંતિ વિશે સવિસ્તર સમજાવો.

52) ગરીબી ઉદ્દ્ભવનાં કારણો જણાવો.

53) સાંપ્રદાયિક્તા દૂર કરવાના ઉપાયો જણાવો.

54) ભારતના રેખાંકિત નક્શામાં નીચેની વિગતો આપેલા નક્શામાં યોગ્ય સંજ્ઞાઓ વડે યોગ્ય સ્થાને દર્શાવો.

(1) રણપ્રકારની જમીન

(2) વેળાવદર રાષ્ટ્રીય ઉદ્યાન

(3) ચા પકવતો એક પ્રદેશ

(4) લોખંડ-પોલાદ ઉદ્યોગનું એક કેન્દ્ર-વિશાખાપટ્ટનમ

<u>(ફક્ત દષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે)</u>

54) (1) રણ પ્રકારની જમીન કયા રાજ્યમાં આવેલી છે?

(2) વેળાવદર રાષ્ટ્રીય ઉદ્યાન કયા રાજ્યમાં આવેલો છે.

(3) ચા પકવતા એક રાજ્યનું નામ આપો?

(4) લોખંડ-પોલાદ ઉદ્યોગનું કેન્દ્ર-વિશાખાપટ્ટનમ કયા રાજ્યમાં આવેલું છે?